અપીલ અરજી નં.૨૧૦ તા.૭–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રમિક એકતા પરિષદ તરફે શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૧૦–૮–૦૯ ની અરજીથી (૧) આંબેડકર નગર ઝુંપડપટ્ટીનાં ઝુપડાવાસીઓને માનવતાનાં ધોરણે બે ટાઈમ પીવાનું પાણી આપવા બાબતે તા.૧૫–૬–૦૯ ના રોજ ઝોનલ અધિકારી શ્રી બી.આઈ.દલાલને એક અરજી અને તા.૧૯–૬–૦૯નાં રોજે ઈજનેર વિભાગમાં એક અરજી આપવામાં આવેલ છે. જેની સ્થળ તપાસ કે કોઈ પ્રત્યુત્તર કેમ આપવામાં આવેલ નથી? એની યોગ્ય માહિતી આપવા (૨) શ્રમિક એકતા પરિષદના લેટર પેડ પર આપેલ અરજીના દોઢ માસનો સમય થવા છતાં અધિકારીઓ ધ્વારા સ્થળ તપાસ કરેલ નથી? વિ. માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૭–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૧૦/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૧૦–૮–૦૯ ની અરજીથી (૧) આંબેડકર નગર ઝુંપડપટ્ટીનાં ઝુપડાવાસીઓને માનવતાનાં ધોરણે બે ટાઈમ પીવાનું પાણી આપવા બાબતે તા.૧૫–૬–૦૯ ના રોજ ઝોનલ અધિકારી શ્રી બી.આઈ.દલાલને એક અરજી અને તા.૧૯–૬–૦૯નાં રોજે ઈજનેર વિભાગમાં એક અરજી આપવામાં આવેલ છે. જેની સ્થળ તપાસ કે કોઈ પ્રત્યુત્તર કેમ આપવામાં આવેલ નથી? જેની યોગ્ય માહિતી આપવા (૨) શ્રમિક એકતા પરિષદના લેટર પેડ પર આપેલ અરજીના દોઢ માસનો સમય થવા છતાં અધિકારીઓ ધ્વારા સ્થળ તપાસ કરેલ નથી? વિ. માહિતી આપવા બાબત. ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૨૦૦ તા.૨–૯–૦૯ થી આપેલ જવાબ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૬૪ તા.૧૩–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ અરજી નંબર ૨૦૦ તા.૨૯–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે જેમાં અરજદારને તા.૧૫–૬–૦૯ ની અરજી બાબતે ઈ.ઝેડ/આ.નં.૨૬૫૨ તા.૨–૯–૦૯ થી પાઠવેલ પ્રત્યુત્તરની નકલ તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ અરજી નંબર ૨૦૦ તા.૨–૯–૦૯ ના પત્રની નકલ તથા નોંધ વિભાગની માહિતી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મુદ્દા નં.૧ થી ૨ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૦૦ તા.૨–૯–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૭–૧૦–૦૯ ના રોજ માંગવામાં આવેલી માહિતી વિકરીકત માહિતી આપવામાં આવેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. (૧) આંબેડકર નગર ઝુંપડપટ્ટીનાં ઝુંપડાવાસીઓને માનવતાનાં ધોરણે બે ટાઈમ પીવાનું પાણી આપવા બાબતે તા.૧૫–૬–૦૯ ના રોજ ઝોનલ અધિકારી શ્રી બી.આઈ.દલાલને એક અરજી અને તા.૧૯–૬–૦૯નાં રોજે ઈજનેર વિભાગમાં આપવામાં આવેલ છે. જેની સ્થળ તપાસ કે કોઈ પ્રત્યુત્તર કેમ આપવામાં આવેલ નથી? જેની યોગ્ય માહિતી આપવા માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી " આંબેડકરનગર ઝુંપડપટ્ટીના ઝુંપડાવાસીઓને માનવતાના ધોરણે બે ટાઈમ પીવાનું પાણી આપવા બાબતે તા.૧૫–૬–૦૯ ની અરજીના સંદર્ભમાં પાણી વિભાગ ધ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ છે. " તેવી માહિતી પૂરી પાડેલ છે. (૨) શ્રમિક એકતા પરિષદના લેટર પેડ પર આપેલ અરજીના દોઢ માસનો સમય થવા છતાં અધિકારીઓ ધ્વારા સ્થળ તપાસ કરેલ નથી? વિગેરે માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી " શ્રમિક એકતા પરિષદના લેટર પેડ આપેલ અરજીના સંદર્ભમાં પાણી વિભાગ ધ્વારા સ્થળ તપાસ કરેલ છે. સદર ઝુંપડપટ્ટી રેલ્વેની માલીકીની જગ્યામાં આવેલી છે રેલ્વેની માલીકીની (સરકારી) જગ્યામાં રેલ્વેની મંજુરી વગર કામ કરી શકાય નહી. જો આપશ્રી ધ્વારા રેલ્વેની એન.ઓ.સી. મેળવી રજૂ કર્યેથી પાણીની સુવિધા બાબતે આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે" તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે મુદ્દા નં.ર થી મહાનગરપાલિકાની પાણી પુરું પાડવાની જવાબદારી છે કે નથી? તેવી માહિતી માંગેલ. જાહેર માહિતી અધિકારી ધ્વારા પાણીની સુવિધા અને કામ કરવા બાબતે માહિતી આપેલ છે. પરંતુ મહાનગરપાલિકાની જવાબદારીના ઉપલક્ષ્યમાં પ્રત્યુત્તર જણાતો નથી. આરટીઆઈ એકટની કલમ–૪ હેઠળ મહાનગરપાલિકાની જવાબદારીની વિગતો સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે. જયારે પ્રત્યુત્તર પાઠવવાની બાબત કાયદાના આમુખથી થયેલ પારદર્શિતા અને જવાબદારીના ઉદ્દેશો ધ્યાને લેતાં આવશ્યક થઈ પડે.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે બંને મુદ્દાની બાકી માહિતી અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી.વરાછાઝોન.... જાણ તથા અમલ માટે

(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ